# <u>પ્રેસનોટ</u>

## "ઇન્ડિયન સ્માર્ટ સિટી એવોર્ડ્સ ૨૦૧૯"

ધી મીનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અફેર્સ (MoHUA) દ્વારા તમામ સ્માર્ટ સિટીઓને પ્રોત્સાહન આપવાના હેતુથી "**ઇન્ડિયન સ્માર્ટ સિટી એવોર્ડ્સ ૨૦૧૯ (ISAC 2019)**" નું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તમામ સ્માર્ટ સિટી પાસેથી Governance, Built Environment, Social Aspects, Culture & Economy, Urban Environment, Mobility & Transport, Water & Sanitation જેવી ૭ અર્બન થીમ અંર્તગત પ્રોજેક્ટોનું નોમિનેશન મંગાવામા આવેલ હતુ.

સુરત સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ તરફથી તમામ ૭ અર્બન થીમ અંર્તગત પ્રોજેક્ટોનું નોમિનેશન કરવામાં આવેલ.

મીનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અફેર્સ (MoHUA) દ્વારા સુરત સ્માર્ટ સિટીના ૨ પ્રોજેક્ટો "Restoration, Re-Use and Re-Development of Surat Castle" પ્રોજેક્ટને 'Culture & Economy' કેટેગરીમા તેમજ 'One City One Card - Digitalization for cashless travel by integration of Automatic Fare Collection System with Surat Money Card' પ્રોજેક્ટને 'Mobility & Transportation' કેટેગરીમા એવોર્ડ ઘોષિત કરવામા આવેલ છે.

વધુમા સ્માર્ટ સિટી મિશન અંતર્ગત સુરતને સ્માર્ટ સિટી પ્રોજેક્ટના અમલીકરણ અનવયે 'Best Performance' બદલ 'City Award' પણ એનાયત થનાર છે.

સદર એવોર્ડ શ્રી જગન મોહન રેડ્ડી, માનનીય મુખ્યમંત્રી, આંધ્ર પ્રદેશ અને શ્રી હરદીપ સિંઘ પુરી, મીનીસ્ટર, મીનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા તા. ૨૪-૦૧-૨૦૨૦ ના રોજ વિશાખાપટ્ટનમ ખાતે એનાયત કરવામા આવશે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી**
**સાદર સમાચાર યાદી નં. ૬૪૭**
**તા.૧૭/૦૧/૨૦૨૦**